ફીક્સ પગારના કારકુનોને
નિયમિત પગારમાં નિમણૂક
આપવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંક : મકમ/૧૦૨૦૧૪/૧૪૭૯/ન
સચિવાલય,ગાંધીનગર
તા.૧૭/૦૯/૨૦૧૪

પરિપત્ર :

વર્ષ-૨૦૦૯માં પાંચ વર્ષ માટે કરાર આધારિત ફીક્સ પગારે નિમણૂક પામેલ કારકુનોને કરારની બોલીઓ તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ના નિયમ ૯-એની જોગવાઈ મુજબ કરાર આધારે નિમણૂક મેળવેલ કર્મચારીઓએ કરારીય સમયગાળા દરમ્યાન કોમ્પ્યુટર જ્ઞાનની સીસીસીની પરીક્ષા પાસ કરવાની રહે છે. આ મુજબ પરીક્ષા પાસ ન કરનાર સંબંધિત કર્મચારીનો કરારીય યોગ્ય સમયગાળો લંબાવવા વિચારણા કરવાની રહે છે અને જો કર્મચારી સીસીસીની પરીક્ષા પાસ ન કરે તો તેની કરારીય સેવાનો અંત લાવવાનો રહે છે. આ નિયમોની જોગવાઈ મુજબ સીસીસી પરીક્ષા પાસ કરવાની શરતે નિમણૂક આપી શકાય નહીં.

આથી, સર્વે કલેક્ટરશ્રીઓને જણાવવામાં આવે છે કે, તેઓના જિલ્લાના મહેસૂલી મહેકમના પાંચ વર્ષ માટે કરાર આધારે ફીક્સ પગારે નિમણૂક પામેલ કારકુનોને સીસીસી પરીક્ષા પાસ કરવાની શરતે નિયમિત નિમણૂક આપવાના હુકમો કરવાના રહેશે નહીં. તેમજ જો સીસીસી પરીક્ષા પાસ કરવાની શરતે નિયમિત નિમણૂક આપવા અંગેના હુકમો કરવામાં આવ્યા હોય તે હુકમો રદ કરવાના રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.જી. પંડ્યા)
ઉપસચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- સર્વે કલેક્ટરશ્રીઓ
- સેક્શન અધિકારીશ્રી, ગ-૫ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ